પ્રાંતિજ ખાતે 'મેરી મિટ્ટી મેરા દેશ' કાર્યક્રમ યોજાયો

પ્રાંતિજ તા.૧૮

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ તાલુકા પંચાયત કચેરી ખાતે આઝાદી ના અમૃત મહોત્સવ નિમિત્ત મેરી મિટ્ટી મેરા દેશ અભિયાન કાર્યક્રમ અંતર્ગત મેરી મિટ્ટી મેરા દેશ કાર્યક્રમ યોજાયો

પ્રાંતિજ રેલ્વેસ્ટેશન ઉપર આવેલ તાલુકા પંચાયત કચેરી ખાતે તા .૧૮ મી ઓગસ્ટ ના રોજ આઝાદીના અમૃત મહોત્સવ નિમિત્તે મેરી મિટ્ટી મેરા દેશ અભિયાન કાર્યક્રમ યોજાયો યોજાયો હતો જેમા ઉપસ્થિત મહેમાનોનુ સ્વાગત કરવામા આવ્યુ હતુ અને તાલુકા પંચાયત ના મહિલા પ્રમુખ વર્ષાબા મકવાણા ના હસ્તે રાષ્ટ્ર ધ્વજ ફરકાવીને તેને સલામી આપવામા આવી તો ઉપસ્થિત સોવકોઈ દેશની માટીને નમન તથા વિરોને વંદન કરવામા આવ્યુ હતુ જેમા પ્રાંતિજ તાલુકાના ઝાલાની મુવાડી ગામમાંથી શહીદ થયેલ સત્યપાલ સિંહ ના માતા-પિતા પરિવારજનોનુ શાલ ઓઢાડીને સન્માન કરવામા આવ્યુ હતુ તો ઉપસ્થિત મહાનુભાવો ના હસ્તે તાલુકા પંચાયત સંકુલ મા આયોવેદિક વુક્ષો નુ વુક્ષારોપણ કરવામા આવ્યુ હતુ તો હાથમા માટી તથા માટીના દીવા લઈ પંચપ્રાણ પ્રતિજ્ઞા પણ લેવામા આવી હતી તો આ પ્રસંગે સાબરકાંઠા-અરવલ્લી સાંસદ દિપસિંહ રાઠોડ , પૂર્વ મંત્રી અને પ્રાંતિજ-તલોદ ના ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમાર , પૂર્વ મંત્રી જયસિંહ ચૌહાણ , પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા , તાલુકા વિકાસ અધિકારી નિતીનભાઈ ચૌધરી , ભાજપ તાલુકા પ્રમુખ , સંગઠન ના પદાધિકારીઓ તમામ સરપંચ ,તલાટીઓ સહિત ઉપસ્થિત રહ્યા હતા તો તંત્ર દ્વારા કાર્યક્રમ નુ સુંદર આયોજન કરવામા આવ્યુ હતુ.

'મારી માટી- મારો દેશ' કાર્યક્રમ અંતર્ગત જીલ્લાના ત્રણ તાલુકામાં આયોજન : મોડાસામાં મંત્રી ભીખુસિંહ પરમારની ઉપસ્થિતિ

મોડાસા,તા. ૧૮

આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણી અંતર્ગત અરવલ્લી જિલ્લામાં તા. ૯ મી ઓગષ્ટથી ''મારી માટી- મારો દેશ, માટીને નમન, વીરોને વંદન" કાર્યક્રમો યોજાઈ રહ્યાં છે. આ કાર્યક્રમની ઉજવણી અંતર્ગત આજે મોડાસા ખાતે અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ ના મંત્રી ભિખુસિંહ પરમારના અધ્યક્ષસ્થાને તેમજ કલેક્ટર પ્રશસ્તિ પરીકની ઉપસ્થિતિમાં તાલુકા કક્ષાનો ''મારી માટી, મારો દેશ'' માટીને નમન, વીરોને વંદન કાર્યક્રમ યોજાયો હતો.

''મારી માટી- મારો દેશ'' કાર્યક્રમની ઉજવણી પ્રસંગે મંત્રીના હસ્તે શિલાફલકમનું અનાવરણ કરી વીર શહીદોને શ્રધ્ધાજંલિ અર્પણ કરવામાં આવી હતી. તેમના હસ્તે ધ્વજવંદન કરી રાષ્ટ્રગાન સાથે તિરંગાને સલામી આપવામા આવી હતી. કાર્યક્રમમાં તાલુકાના માજી સૈનિકોના સન્માન અને અભિવાદન કરવામાં આવ્યું હતું

મંત્રી ભીખુસિંહ પરમરે જન સંબોધનમાં જણાવ્યું હતું કે 'મારી

માટી, મારો દેશ' એ વિચારજ અદભુત છે. સમગ્ર દેશની માટી લઈ જવાનો દિલ્હી જશે અને ત્યાં કાર્યક્રમનું સમાપન થશે. જ્યારે ગુજરાતના પનોતા પુત્ર અને આપણા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દેશનું નેતૃત્વ કરી રહ્યા છે. ૨૦૨૫ સુધીમાં દેશ વિશ્વમાં આર્થિક દૃષ્ટિએ ત્રીજા ક્રમે પહોંચી જશે. આજે દુનિયાના તમામ દેશ ભારતને ઓળખે છે. દેશની માટી આપણા માટે ગૌરવની વાત છે. રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર ભાઈ પટેલ દ્વારા શામળાજી ધામમાં સંપૂર્ણ વિકાસ માટે રૂ.૧૦ કરોડ અને સાઉન્ડ સિસ્ટમ માટે રૂ.૫ કરોડની ફાળવણી કરી છે જે બદલ આપણે તેમનો આભાર માનીએ છીએ.આ સરકાર સમાજના તમામ લોકોનો સર્વાંગી વિકાસ માટે સતત કાર્યરત છે.

વિકસીત ભારતના સાથ અને સહકાર માટે અથાગ પરિશ્રમ કરવા તથા આપણા મહાન ભારત દેશના ભવ્ય વારસા પર ગર્વ લેવા અને તેનું જતન કરવા તથા ગુલામીની માનસિકતાના તમામ નિશાનોને નાબૂદ કરીને આપણી રાષ્ટ્રીય એકતા અને અખંડીતતા માટે કામ કરતા રહેવા અને રાષ્ટ્ર પ્રત્યેની અતુટ ફરજોનું પાલન કરવાના પંચ પ્રણ પ્રતિજ્ઞા લઈ રાષ્ટ્ર નિર્માણ માટે પ્રતિબધ્ધતાના સંકલ્પ લીધા હતા. મેરી મિટ્ટી મેરા દેશ કાર્યક્રમ થકી માટી દેશની રાજધાની દિલ્હી ખાતે મોકલવામાં એકત્રીત કરી વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે જિલ્લા કલેકટર પ્રશસ્તિ પરીક,જિલ્લા વિકાસ અધિકારી દીપેન કેડિયા, પ્રાંત અધિકારી અમિત પરમાર, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક રાજેશ કુચારા, તાલુકા વિકાસ અધિકારી મોડાસા , મોડાસા તાલુકા પંચાયત પ્રમુખ બિપીનચંદ્ર પટેલ, મોડાસા તાલુકાના અગ્રણીઓ સહીત અધિકારીઓ, કર્મચારીઓ, ગ્રામજનો, વિદ્યાર્થીઓ ઉપસ્થિતિ રહ્યા હતા.

૭૭ માં સ્વાતંત્ર પર્વ નિમિત્તે શ્રી મહિયલ આદર્શ પ્રાથમિક શાળામાં આજ શાળાના ભૂતપૂર્વ તેજસ્વી વિદ્યાર્થી એવા શ્રી રાજેન્દ્રકુમાર અમૃતલાલ પંચાલ પ્રોફેસર શ્રી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ પ્રાંતિજના વરદ હસ્તે ધ્વજવંદન કાર્યક્રમ કરવામાં આવ્યો. જેમાં ગામના અગ્રણી પૂર્વ તાલુકા પ્રમુખશ્રી બંસીધર મહેતા.યુવા ભાજપ પ્રમુખ ગુજરાતસિંહ સરપંચશ્રી રાકેશભાઈ મહેતા . એસએમસી અધ્યક્ષશ્રી નરેન્દ્રસિંહ તથા સર્વે વડીલો ગામમાંથી પધાયેલ યુવાન મિત્રો સૌ શિક્ષક મિત્રો અને બાળકોની હાજરીમાં ખૂબ જ આનંદ અને ઉલ્લા સાથે આ ૭૭ માં સ્વાતંત્ર પર્વની ઉજવણી કરવામાં આવી.

પ્રાંતિજ શ્રી ધનશ્યામ લાલજી હવેલી મંદિર ખાતે મનોરંથ-વિવાહ ખેલ કાર્યક્રમ યોજાયો

પ્રાંતિજ તા.૧૮

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ખાતે આવેલ શ્રી ધનશ્યામ લાલજી વૈષ્ણવ મંદિર માં અધિક માસના સમાપન પ્રસંગે મનોરંથ- વિવાહ ખેલ નું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રાંતિજ નગરમાં શ્રી દશાશ્રીમાળી વાડી નજીક આવેલ શ્રી ધનશ્યામ લાલજી મંદિર સંકુલમાં અધિક માસના અંતિમ દિવસે વૈષ્ણવ સમાજ ના ધર્મપ્રેમી ભાઈ બહેનો દ્વારા શ્રી ઘનશ્યામ લાલજી ખાતે મનોરંથ-વિવાહ ખેલ નુ આયોજન કરવામા આવ્યુ હતુ દર ત્રણ વર્ષે અધિક માસ કે જેને પુરષોત્તમ માસ પણ કહેવાય છે આ પવિત્ર માસ નું ખૂબજ મહત્વ ગણાય છે વૈષ્ણવ મંદિરોમાં વર્ષ દરમ્યાન ઉજવાતા મનોરથો તેમજ ઉત્સવો અધિક માસ માં ઉજવવામાં આવે છે વૈષ્ણવ સંપ્રદાય ના અનુયાયીઓ અધિક માસ માં દાન, પુણ્ય અને પૂજા-અર્ચના કરીને ભગવાન ની ભકિત કરે છે અધિક માસ માં વૈષ્ણવ સમાજ ઉપરાંત શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના ધર્મ પ્રેમી લોકો પણ મંદિરોમા વિવિધ ઓચ્છવો મનોરથો અને ઉત્સવોની ઉજવણી કરીને ધન્યતા અનુભવે છે પ્રાંતિજ નગરમાં વૈષ્ણવ સંપ્રદાયની બે હવેલીઓ આવેલી છે ધનશ્યામલાલજી હવેલી ઉપરાંત દેસાઈની પોળ માં શ્રી મદન

મોહન લાલાજી નું મંદિર આવેલ છે આ મંદિર માં પણ દરેક ધાર્મિક તહેવારો ની ઉજવણી ધામધૂમથી કરવામાં આવે છે પરંતુ અધિક માસ નું મહત્વ ખૂબ વધારે હોઈ વૈષ્ણવ સંપ્રદાયના ભાઈ-બહેનો આનંદ અને ઉત્સાહ પૂર્વક અધિક માસ ઉજવે છે અધિક માસ ના અંતિમ દિવસે દિવાળી પર્વ અને નૂતન વર્ષ જેવી ઉજવણી કરવામાં આવેછે દરેક વૈષ્ણવો પવિત્ર અધિક માસ માં વિવિધ મનોરથોમાં સહભાગી બનીને ધન્યતા અનુભવી ને પ્રસાદ નું આયોજન કરતા હોય છે.

અરવલ્લી જિલ્લાના બડોદરા ગામની પાવન ભૂમિમાં ૧૫ વર્ષથી ચાલતા વ્રતની ઉજવણી

રોહિત સમાજના પરિવારના ઘરે જાતિવાદ મુક્ત ભારત માટે સંકલ્પ કર્યો

અરવલ્લી જિલ્લાના તમામ સમાજના પ્રમુખ વ્યક્તિઓની જાતિવાદને સ્વાહા કરી પ્રેરક હાજરી

બાયડ તા.૧૮

હિન્દુસ્તાનમાં બધા જ "હિન્દુ એક " ની ભાવના ને સાકાર કરવા ભાવનાબેને ૧૫ વર્ષથી બહારનું પાણી પણ ન પીવાનું વ્રત રોહિત સમાજના શ્રી ભાનુભાઈ જયરામબાપા ના પરિવાર સાથે એમના ઘેર ભોજન કરીને છોડ્યું હતું . ભાવનાબેન પટેલ સામાજિક સમરસતાના સંયોજક શ્રી ચંદ્રકાન્ત પટેલના ધર્મ પત્ની છે.

ભાવનાબેન પટેલે તમામ મહિલાઓને સંદેશો આપ્યો હતો કે કોઈ પણ સામાજિક કાર્યો કરતા આપણા પતિદેવ ને આપણે મહિલાઓ સાથ આપીશુ તો ૧૦ વર્ષ માં થતું કામ ૫ વર્ષમાં થઈ શકશે. હુ પણ મારા પતિદેવ ને સામાજિક સમરસતા ના કામમાં સાથ આપું છું.

પોતાના પરિવારના ભાઈ બહેનની અન્ય સમાજના પરિવાર સાથે પણ ભાઈ બહેનની જેમ વર્તન કરાશે તો જ ભારત માતા બોલેલું સાર્થક નીવડશે.આગામી રક્ષા બંધન પર્વ આવી રહ્યું છે ત્યારે એકબીજા અન્ય સમાજના પરિવારના ઘેર રાખડી બાંધી નવા સંબંધો બાંધવા જોઈએ.

આજ રોજ વ્રતની ઉજવણી પ્રસંગે શ્રી ભાનુપ્રસાદ

જયરામબાપાના પરિવાર અને મિત્રો દ્વારા તમામ સમાજના પ્રમુખ વ્યક્તિઓનું ચાંલ્લો અને ફૂલછડી થી સન્માન કરવામાં આવ્યું હતું. જેમાં ન્યુ ઈન્ટરનેશનલ સ્કૂલના કચ્છી પટેલ સમાજના અગ્રણી મુકેશભાઈ પટેલ, ઠાકોર સમાજના અગ્રણી દિગ્વિજયસિંહ, પ્રણામી સમાજના સમૂહલગ્નોત્સવના પ્રમુખ દુર્ગેશભાઈ, અરવલ્લી બ્રહ્મ સમાજના પ્રમુખ અમરીશભાઈ પંડયા, વણકર સમાજના સમૂહલગ્નોત્સવના પ્રમુખ જે પી રાજ, કડવા પાટીદાર સમાજના પ્રમુખ અને વિશ્વ ગુજરાતી સમાજના અરવલ્લીના સંયોજક સંજયભાઈ પટેલ, રોહિત સમાજના પ્રમુખ ખાનાભાઈ મેવડા, અખિલ ભારતીય નાગર બ્રાહ્મણ સમાજના અરવલ્લી કન્વીનર નવીનભાઈ ત્રિવેદી, ધનસુરા તાલુકાના અગ્રણી પ્રવિણભાઈ સોનેરી, સામાજિક અગ્રણી હિતેશભાઈ શર્મા, ગુજરાત વાલ્મીકિ સંગઠન ના પ્રમુખ લાલજીભાઈ ભગત, ભિલોડા તાલુકાના અગ્રણી બાબુભાઈ ખરાડી, મેઘરજ તાલુકાના અગ્રણી મગનભાઈ ગામેતી, અગ્રણી રાજુભાઈ, અગ્રણી મિનેશભાઈ પટેલ, અગ્રણી કેતનભાઈ ચૌધરી, ગુરૂ બ્રાહ્મણ સમાજના પ્રમુખ મહેન્દ્રભાઈ પંડયા અને પરિવર્તન ટ્રસ્ટના જગદીશભાઈ પંડયા , વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનના મોડાસા તાલુકાના પ્રમુખ હર્ષદભાઈ પટેલ, વણકર સમાજના અગ્રણી બાબુભાઈ ચાવડા, રોહિત સમાજના અગ્રણી નાથાભાઈ અને એમના સુપુત્ર કુમુદભાઈ, અગ્રણી શૈલેષભાઈ પંડયા, સામાજિક અગ્રણી રમણભાઈ ગૌતમ, લેઉવા પટેલ સમાજના અગ્રણી વાલાભાઈ પટેલ તથા બડોદરા ગામના યુવાન સરપંચ અશ્વિનભાઈ પટેલ,માલપુર ના રોહિત સમાજના માલપુર ના અગ્રણી શનાભાઈ અને અરવલ્લી સામાજિક સમરસતા ટીમના અમરતભાઈ વાઘેલા,ગીરધરભાઈ પંડયા, વિનુભાઈ પરમાર અને ભાર્ગવ, વિરેન્દ્રસિંહ ચૌહાણ, જગદીશભાઈ તરાલ,રવિભાઈ પટેલ, રાજુભાઈ મકવાણા, નરેશભાઈ પ્રણામી, નવીનભાઈ ત્રિવેદી, સચિનભાઈ શાસ્ત્રી વગેરે કાર્યકરો એ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

ધાનેરામાં 'મેરી માટી મેરા દેશ' અંતર્ગત કાર્યક્રમો યોજાયા

ધાનેરા તા.૧૮

ધાનેરા માં આ વર્ષે સ્વતંત્રતા પર્વના અવસરે માતૃભૂમિના વીરો અને માટીને વંદનની થીમ પર કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા મેરી માટી મેરા દેશ' કાર્યક્રમ યોજાઈ રહ્યા છે ત્યારે ધાનેરામાં પણ મેરી માટી મેરા દેશ' અભિયાનની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના ધાનેરા તાલુકાના સંવાદદાતા ભરત બી. પરમાર નો અહેવાલ જણાવે છે કે , જે અંતર્ગત ધાનેરા નગરપાલિકાથી મામા બાપજીના મંદિર સુધી રેલી કાઢવામાં આવી હતી. અને નાયબ કલેકટર માન. ચરણસિંહજી ગોહિલ,નાયબ કલેકટરશ્રી,ધાનેરા ના પ્રવચન બાદ નગરપાલિકાના મહિલા સફાઈ કામદાર રંજનાબેન વાલ્મિકી ના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. આ અભિયાન અંતર્ગત ધાનેરામાં મેરી માટી,મેરા દેશ' અંતર્ગતજન ભાગીદારી થકી ભવ્ય ઉજવણી કરાઈ હતી .જેમાં વીરોને નમન કરવાના હેતુથી આ ઉપરાંત નગરજનો દ્વારા વધુમાં નગરજનોએ ભેગા મળી હાથમાં માટી લઈ રાષ્ટ્રની એકતા અને અખંડતા માટે સામૂહિક પ્રતિજ્ઞા લીધી હતી. આ ઉપરાંત કાર્યક્રમમાં ધાનેરા નગરપાલિકાના વહીવટદાર અને મામલતદારશ્રી

મોડસિહ રાજપુત.નગરપાલીકાના ચીફ ઓફિસરશ્રી રૂડાભાઈ રબારી નગરપાલીકાના કર્મચારીઓ,સ્થાનિક આગેવાનો અને પદાધિકારીશ્રીઓની હાજરીમાં ધ્વજવંદનનો કાર્યક્રમ યોજાયો હતો અત્રે ઉલ્લેખનીય છે કે આ અભિયાન અંતર્ગત ધાનેરામાં પણ ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.

જિલ્લામાં શ્રાવણના પ્રથમ દિવસથી શિવાલયો ભક્તોથી ઉભરાયા

બાયડ, તા.૧૮

ગુરુવારથી પવિત્ર શ્રાવણ માસનોપ્રારંભ થયોએસાથેશિવાલયો પરોઢે ભક્તોથી ઉભરાયા હતા. બમબમ ભોલેના જયઘોષ સાથે ભક્તોએ શિવ આરાધના શરુ કરી હતી. સમગ્ર મહિના દરમ્યાન શિવાલયોમાં ભક્તોની ભીડ જામશે. કેટલાક શિવમંદિરોમાં સવારથી જલાભિષેક સહિત બીલીપત્ર અર્પણ કરવા શિવમંદિરોમાં કતાર જોવા મળી હતી. પ્રાપ્ત જાણકારી અનુસાર સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં પવિત્ર શ્રાવણ માસનો પ્રારંભ થતાં શિવાલયોમાં સવારથી શિવભક્તો દર્શનાર્થે ઉમટ્યા હતા. ધારેશ્વર મહાદેવ, વિરેશ્વર મહાદેવ, રક્ષેશ્વર મહાદેવ, કુઢેરા મહાદેવ, ઋણમુક્તેશ્વર મહાદેવ, સોમનાથ મહાદેવ, ગંગેશ્વર મહાદેવ, ઉજળેશ્વર મહાદેવ, ગેબીનાથ મહાદેવ, વૈજનાથ મહાદેવ, પ્રજ્ઞેશ્વર મહાદેવ સહિત જિલ્લાના અનેક ગ્રામ્ય વિસ્તારોમાં આવેલા સોલંકી યુગના શિવાલયોમાં ભક્તોનું શ્રાવણના પ્રથમ દિવસે ઘોડાપૂર જોવા મળ્યું. કેટલાક દેવમંદિરોમાં બીલીપત્ર વેચનારા સવારથી આવી પહોંચ્યા હતા અને શિવભક્તોએ પણ બીલીપત્ર સાથે શિવપૂંજા આરાધના કરી હતી. શ્રાવણ મહિનામાં કેટલાક શિવભક્તો સહપરિવાર શિવપૂંજામાં સામેલ થયા હતા. કેટલાક દેવમંદિરોમાં ભક્તજનો માટે ગાયનું દૂધ, બીલીપત્ર, મધ સહિતની વ્યવસ્થા ઉભી કર્યાનું પણ જાણવા મળ્યું છે.

ડીસામાં તાલુકા સંકલનની બેઠકમાં રખડતા ઢોરનો મુદ્દો ચમક્યો

શહેરને સ્વચ્છ રાખવા તંત્રની લોકોને સહયોગની અપીલ

ડીસા,તા. ૧૮

ડીસામાં ધારાસભ્ય પ્રવીણભાઈ માળીના અધ્યક્ષસ્થાને યોજાયેલી તાલુકા સંકલનની બેઠકમાં લોકોએ વિવિધ સમસ્યાઓની રજૂઆત કરી હતી. જેમાં સમગ્ર ડીસા વિસ્તારમાં સૌથી મોટી સમસ્યા રખડતા ઢોરોની છે. અગાઉ પણ રખડતા ઢોરો અંગે રજૂઆત થતા જાહેરમાં ઘાસ વેચવા પર પ્રતિબંધ મુકાયો હતો. જોકે તેનો યોગ્ય પ્રમાણે અમલ ન થતા ફરીથી ડીસામાં રખડતા ઢોરોની સમસ્યા જૈસે થે થઈ ગઈ છે. જેથી જો જાહેરમાં લીલુ ઘાસ વેચાતું બંધ થાય તો જ આ સમસ્યાનો હલ થઈ શકે છે. તેવી રજૂઆત કરાઈ હતી.

આ ઉપરાંત ડીસાના ઈન્દિરા નગર વિસ્તારમાં માથાભારે તત્વોની રંજાડ વધી રહી હોવાથી આ વિસ્તારમાં પોલીસ ચોકીની જરૂરિયાત છે. તેવી રજૂઆત આ વિસ્તારના લોકોએ કરતા ઈન્દિરા નગરમાં પોલીસ ચોકી ઉભી કરવા અંગે પણ ચર્ચા કરાઈ હતી. આ ઉપરાંત ડીસા શહેરના રસ્તા સફાઈ જેવા મુદ્દે પણ લોકોએ રજૂઆત કરી હતી. ધારાસભ્ય પ્રવીણભાઈ માળી અને નાયબ કલેક્ટરે પણ શહેર અને તાલુકાને સ્વચ્છ અને સુંદર બનાવવા માટે લોકોને તંત્રને સહયોગ આપવા જણાવ્યું હતું.

ટ્રિનિટી સ્કૂલ તલોદમાં ૭૭માં સ્વાતંત્ર્ય દિનની ઉજવણી

તલોદ, તા.૧૮

ટ્રિનિટી સ્કૂલમાં ૭૭માં સ્વાતંત્ર્ય દિનની ઉજવણીના મુખ્ય મહેમાન આર.એલ. પટેલ (નિવૃત્ત પ્રિન્સિપાલ સાયન્સ કોલેજ તલોદ અને ટ્રસ્ટી ટ્રિનિટી સ્કૂલ, તલોદ) ના વરદ હસ્તે વંદન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ટ્રસ્ટી ડૉ. કિરીટભાઈ અને ગોપાલભાઈ શાહ તેમજ વાલીગણ ઉપસ્થિત રહ્યા હતા. વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓને સુંદર તૈયારી કરાવવા બદલ શાળાના ટ્રસ્ટીગણે આચાર્ય અલ્પેશ પટેલ તથા સ્ટાફ મિત્રોનો આભાર માન્યો હતો.